વડાપ્રધાનના હસ્તે વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

# બનાસકાંઠામાં વિકાસકાર્યો માટે ૬૯૦૯ કરોડની ભેટ

## ૪૫૦૦૦થી વધુ ઘરોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત સાથે ૬૧ હજાર લાભાર્થીઓ છે

બનાસકાંઠા,તા.૩૦

નારી સન્માનની વાત કરીએ છીએ તો આપણા માટે આ ખુબ સહજ વાત લાગે છે, પરંતુ જ્યારે ગંભીરતાથી આના પર વિચાર કરીએ છીએ તો જણાય છે કે આ આપણા સંસ્કારોમાં નારી સન્માન કેટલું રચ્યું પચ્યું છે. દુનિયાભરમાં જે શક્તિશાળી લોકો હોય છે, જ્યાં શક્તિની ચર્ચા થાય છે તો તેમની સાથે તેમના પિતાનું નામ જોડાય છે. આ ફલણા ભાઈનો છોકરો બહાદુર છે.

ભારતની પરંપરા જૂદી છે. ભારતમાં, આપણે ત્યાં વીરપુરૂષોની સાથે માતાનું નામ જોડાયું છે. હું ઉદાહરણ આપું છું. જેમકે અર્જૂન મહા વિર પુરૂષ હતા, પરંતુ એવું નથી સાંભળવા મળતું કે તેઓ પાંડું પુરૂષ, જ્યારે પણ સાંભળીયે ત્યારે પાર્થ સાંભળીએ છીએ. પાર્થ એટલે પૃથા(કુંતિ) પુત્ર તરીકે ઓળખાયા. એવી જ રીતે ભગવાન કૃષ્ણ, સર્વ શક્તિમાન તેમનો જ્યારે પરિચય થાય છે ત્યારે દેવકીનંદન કૃષ્ણ એવી રીતે થાય છે, હનુમાનજીની વાત આવે ત્યારે અંજનીપુત્ર હનુમાન. એટલે માતાના નામની સાથે વીરોના નામ આપણા દેશમાં માના મહાત્વમને આપણા સંસ્કારની પૂંજી સમાન મળ્યું છે. આ સંસ્કારી છે. આપણા દેશ ભારતને પણ માતાના રૂપમાં જોઈએ છીએ. ખુદને મા ભારતીની સંતાન માનીએ છીએ.

આવી મહાન સંસ્કૃતિ સાથે જોડાયેલા છીએ તેમ છતા ઘરની સંપત્તિ પર ઘરના આર્થિક નિર્ણયો પર પિતા અને પુત્રનો હક રહ્યો છે. ઘર કે ગાડી હોય તો પુરૂષોના નામે હોય છે. મહિલાના નામે કશુ ના હોય. પતિ ગુજરી જાય તો પુત્રના નામે થઈ જાય. અમે નક્કી કર્યું, પ્રધાનમંત્રી આવાસ આપીશું તેમાં માતાનું પણ નામ હશે. એટલે ૨૦૧૪ બાદ અમે નિર્ણય લીધો અમે જે મકાન આપીશું તે માતા અથવા માતા-પુત્ર સંયુક્ત નામ પર હશે. હાલમાં દેશમાં ગરીબોને ૩ કરોડથી વધુ ઘર બનાવીને આપ્યા છે.

આપણે હંમેશા અહીં આવીએ છીએ અહીં આવીએ છીએ તો નવી ઉર્જા, નવી પ્રેરણા, નવો વિશ્વાસ લઈને જઈએ છીએ. મા અંબાના આશીર્વાદથી આપણને આપણા તમામ સંકલ્પોની સિદ્ધિ માટે શક્તિ મળશે, તાકાત મળશે. વિકસિત ભારતનો વિરાટ સંકલ્પ દેશે લીધો છે, ત્યારે ૨૫ વર્ષમાં આપણે હિન્દુસ્તાનને વિકસિત રાષ્ટ્ર બનાવીને રહીશું.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, આ પાવન અવસરે, મને બનાસકાંઠાની સાથો સાથ ગુજરાતના અનેક જિલ્લાઓને હજારો કરોડ રૂપિયાની યોજના ઉપહાર દેવાનો અવસર મળ્યો છે. ૪૫૦૦૦થી વધુ ઘરોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત સાથે ૬૧ હજાર લાભાર્થીઓ છે.

આ તમામ લાભાર્થીઓને શુભકામનાઓ. આ વખતે આ સૌની દિવાળી નવા ઘરમાં મનશે. પોતાના ખુદના ઘરમાં મનાવી શકશો. જેમણે જીંદગી ઝૂંપડામાં કાઢી હોય તેને પાકા ઘરમાં દિવાળી ઉજવવાની હોય તો ખુશી થાય.



કોંગ્રેસમાં છેલ્લા ચાલીસ વર્ષથી કાર્યરત ગીરીશભાઈ ત્રિવેદી (આર્કીટેક્ટ) એ કોંગ્રેસમાંથી રાજીનામું આપી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે તાજેતરમાં દ્વારકા ખાતે તેઓએ અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી રાજકીય ચર્ચાઓ કરી હતી. તેઓ વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તર અથવા અમદાવાદ એલિસબ્રીજ સીટ ઉપરથી આમ આદમી પાર્ટીના સંભવિત ઉમેદવાર છે.


# સેકટરના કોમન ચોકમાં પુરેપુરી જગ્યાએ બ્લોકની સુવિધા કરવા માંગ

## વસાહત મહાસંઘ દ્વારા કોમનચોકમા બ્લોક નાખવા બાબતે બેધારી નિતિ બંધ કરવાની વિનંતી કરી

ગાધીનગર મહાનગર પાલિકા દ્વારા નક્કી કરેલા નીતિ નિયમોનુંસાર સેકટરમાં વસાહતીઓના રહેણાંક વિસ્તારમાં કોમનચોકમા બ્લોક નાખવામાં આવેછે જે ફક્ત મકાન આગળ નાખવામાં આવેછે અને કોમનચોકમા વચ્ચેની જગ્યાએ બાકી રાખવામાં આવે છે આથી ચોમાસામાં પાણી ભરાવવાથી જેના નિકાલ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી અને સતત પાણી ભરાઈ રહેવાથી જીવજંતુ મચ્છર પડવા થી વસાહતીઓને રોગચાળાનો ભોગ બનવું પડે છે. ગાધીનગર શહેરના નાગરિકો દ્વારા દર વર્ષે મિલકત વેરો ભરવામાં આવે છે અને પોતાના વિસ્તારમાં કોમનચોકમા બ્લોક નાખવા માટે બે ધારી નિતિ મહાનગર પાલિકા દ્વારા અખત્યાર કરવામાં આવે છે શહેરના સેકટરમાં અત્યારે હાલ ઘણી જગ્યાએ બિન અધિકૃત જગ્યાએ તથા સરકારી જંગલ વિસ્તારમાં દબાણો કરેલી જગ્યાએ જે મહાનગર પાલિકા દ્વારા કોઈ મિલકત વેરો ટેક્ષ ભરવામાં આવતો નથી તેવી જગ્યાએ નિતિ નિયમો બાજુમાં મુકીને આડેધડ અધિકારીઓ અને મહાનગર પાલિકાના પદાધિકારીઓની ભલામણ લાગવગ દ્વારા બ્લોક નાખવામાં આવેલા છે જે યોગ્ય નથી અને વસાહતીઓ દ્વારા ટેક્ષ ભરવામાં આવે છે તેમ છતાં પોતાના રહેણાંક વિસ્તારમાં કોમચોકમા બ્લોક નાખી સુવિધાઓ આપવામાં આવતી નથી એકને ગોળ અને બીજા ને ખોળ જેવી મહાનગર પાલિકાના વહીવટકર્તાની બે ધારી નિતિ અખત્યાર કરવામાં આવી છે જે દુખદ બાબત છે આથી ગાધીનગર શહેરના સેકટરમાં વસાહતીઓના કોમનચોકમા પુરેપુરી જગ્યાએ બ્લોક નાખવા મા આવે અને મહાનગર પાલિકાની બેધારી નિતિ બંધ કરવામાં આવે તેવી નમ્ર વિનંતી કરી હતી.



સેક્ટર ઉન્યૂ શિવશક્તિ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિની શિવશક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા ઉજવણી અન્વયે ત્રીજા નોરતામાં સેક્ટરના ભાઈબહેનો મોટી સંખ્યામાં ગરબે ઘૂમી માંતાજીની આરાધના કરી હતી.



દહેગામ તાલુકાના પીપલજ ગામના જય અંબે યુવક મંડળના યુવાનો તેમજ ગામના બાળકો દ્વારા માતાજીનો ગબ્બર બનાવ્યો છે જેમાં સમગ્ર પંથકમાં પીપલજ ગામનો ગબ્બર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

## આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં નવરાત્રી પર્વની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં "નવરાત્રી પર્વ"ની ઉજવણી ખૂબજ આનંદ અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. બપોરે ૨:૩૦ વાગે માં અંબેની મહા આરતી કરીને શાળાના તમામ બાળકોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. આ દિવસે ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ




ટ્રેડિશનલ ડ્રેસમાં ડીજેના તાલે પરંપરાગત ગરબા, નવી સ્ટાઈલના ગરબા, દોઢીયું તથા રાસ વગેરે પોતાના વર્ગના શિક્ષકો સાથે રમ્યા હતા.

## ડીફેન્સ યુનિકોર્ન દ્વારા નેવી કમાન્ડર સાથે સંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

નવરાત્રી નિમિત્તે ડિફેન્સ યુનિકોર્ન સંસ્થા દ્વારા રાજયની દીકરીઓ માટે સંરક્ષણ ક્ષેત્રે જાગૃતિ આવે તે માટે માહિતી અને ઉત્સાહસભર ઓનલાઈન લાઈવ ઈવેન્ટ શક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિવૃત મહિલા નેવી (નૌકાદળ) કમાન્ડર પ્રભા લાલે પોતાના અનુભવો થકી ઉપસ્થિત સૌ વિદ્યાર્થીનીઓમાં એક નવીનતમ ઉર્જાનો સંચાર કર્યો હતો. એમને પોતાના કાર્યકાળ દરમિયાન તથા તાલીમના દિવસોની યાદી રસપૂર્વક રીતે ઈવેન્ટમાં જોડાયેલા સૌ કોઈ સમક્ષ મુકી હતી તથા વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. આ ઓનલાઈન ઈવેન્ટમાં શક્તિનું આયોજન ડીફેન્સ યુનિકોર્નના ઓનલાઈન પેજ ઉપર કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતભરમાંથી ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.





# સિવિલ કેમ્પસમાં સુપર સ્પેશ્યાલીટી હોસિપટલ માટે વૃક્ષોનો ભોગ લેવાશે

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું ખાતમુહર્ત આગામી દિવસોમાં મહામહીમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે કરવામાં આવનાર છે. ત્યારે ૬૦૦ બેડની બાજુમાં ખાલી પડેલી જગ્યા પર ૧૦ માળની ૩૭૦ બેડની હોસ્પિટલ તેમજ ટ્રો માં સેન્ટર અને ઓડીટોરીયમની પાછળના ભાગે રેન બસેરા પણ નિર્માણ થનાર છે. ત્યારે આ નવીન ઈમારતો જે સ્થળે નિર્માણ થવાની છે. તે સ્થળ પર હાલના સમયે હરીયાળી છે. ત્યારે નવીન ઈમારતો તૈયાર થવા માટે ૩૮ જેટલા વૃક્ષની કટોતી પણ કરવામાં આવનાર છે. વૃક્ષ કાપવા પીઆઈયુ દ્વારા વનવિભાગમાં રૂપીયા પણ ભરી દેવામાં આવ્યા છે. સિવિલ કેમ્પસમાં ૨૦ જેટલા વૃક્ષ કાંપી નાંખ્યા છે. તો બીજીતરફ અન્ય વૃક્ષોનું માર્કીંગ પણ કરી દેવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરની ગ્રીનસીટીની ઓળખ તો છીનવાઈ ગઈ છે. ત્યારે હજુ પણ સિવિલ કેમ્પસમાં રહેલા ૨૦ જેટલા વૃક્ષ કપાઈ જતા પર્યાવરણ પ્રેમીઓમાં નારાજગી જોવા મળી રહી છે. તો બીજીતરફ એક પણ વૃક્ષનું રીપ્લાન્ટેશન શકય નથી. જેથી જેમજેમ ઈમારતના કામ આગળ વધશે તેમ તેમ વૃક્ષો પર વનવિભાગની કરવત ફરશે.

## ગાંધી ભાવવંદના જે પીડ પરાઈ જાણે રે..નું જીવત પ્રસારણ

ગાંધીનગર, તા.૩૦

મહાત્મા ગાંધીનો જન્મદિવસ તા. ૨જી ઓક્ટોબર કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા સતત સોળમાં વર્ષે પણ એ જ સમયે સૂર અને શબ્દથી પૂ. બાપુની ભાવવંદના સૌ ગાંધી પ્રેમીઓ સાથે મળી આપશે આ વર્ષે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ફેસબુક પર પણ કલાગુર્જરી પેજ પર તેમજ જીટીપીએલ ઉપર કરવામાં આવશે.

### ખરીફ વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળ્યો છે તે આશ્ચર્ય છે. દિવેલાનુ વાવેતર ૨૦,૮૩૮ હેક્ટરમાં અને કપાસનું વાવેતર ૨૦,૫૬૭ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં સોયાબીનનું વાવેતર ૧૫૮ હેક્ટરમાં થયુ છે. શાકભાજીનું વાવેતર ૧૪,૪૬૨ હેક્ટરમાં નોંધાયુ છે. વરિયાળીનું વાવેતર ૨૮૬ હેક્ટરમાં અને મગફળીનું વાવેતર ૧૧,૯૮૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટિની ઘટનાઓ વધુ થતાં ખરીફ વાવણી પણ બે થી ત્રણ તબક્કામાં થઈ છે. હવે ખરીફ વાવણીની સિઝન પૂર્ણ થઈ ગઈ છે.

જો કે આ વખતે રવિ સીઝનનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે ઠંડીની શરૂઆત હજુ ધીમી ગતિએ થઈ રહી છે અને ઓક્ટો. નવેમ્બરમાં ઠંડી તેની પક્કડ જમાવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં દહેગામ અને માણસા તાલુકામાં ૧૦૦ ટકા વાવેતર થયુ છે જ્યારે ગાંધીનગરમાં ૯૭ ટકા અને કલોલમાં ૯૬ ટકા જેટલુ ખરીફ સિઝનનું વાવેતર થયુ છે. જિલ્લામાં પાક પેટર્ન અને વરસાદી પેટર્નના બદલાવને કારણે ખેડૂતો વધુ અવઢવમાં પહેલીવાર જોવા મળ્યા છે.

### ૫ ટકા ઘટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વખતે વરસાદી પેટર્નમાં પણ ભારે બદલાવ જોવા મળ્યો છે. ખંડીય વૃષ્ટિ વધુ થઈ છે એટલુ જ નહિ વરસાદી દિવસો પણ જિલ્લામાં આ વખતે વધુ નોંધાયા છે.

સપ્ટેમ્બરમાં વિદાય લેતુ ચોમાસુ તેના અંતિમ તબક્કામાં સારો વરસાદ લાવશે તેવી ખેડૂતોને આશા હતી પરંતુ તે આશા આશા જ રહી છે.

જિલ્લામાં નદીઓ બે વખત રિચાર્જ થઈ હોવાથી ભૂગર્ભ જળના સ્તરમાં ચોમાસા બાદ જેટલો સુધારો થવો જોઈએ તેટલો થયો નથી. જો કે પાણીની સમસ્યા જિલ્લા માટે હળવી જરૂર બની છે. જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટિને કારણે રોગચાળાની સ્થિતિ પણ વધુ વણસેલી જોવા મળી છે. જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સમગ્ર ચોમાસા દરમ્યાન જોવા મળ્યો છે.

જિલ્લામાં જો કે હાલ બેવડી ઋતુ પ્રવર્તી રહી છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડી જોવા મળી રહી છે. હવે વરસાદની બહુ આશા દેખાતી નથી. જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટિની ઘટનાઓ વધુ થતાં ખરીફ વાવણી પર પણ અસરો જોવા મળી છે અને બે-ત્રણ તબક્કામાં વાવણી થઈ છે.

### સળિયા દેખાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં ત્રણ તબક્કામાં સરકારી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ જેમાં સે-૨૮, ૨૯ અને સે-૩૦ માં સૌથી જુના મકાનો છે. વર્ષ ૧૯૭૦-૭૧ માં પ્રથમ તબક્કામાં આવાસોનુ નિર્માણ કરાયુ હતુ જયારે ત્યારબાદ તબક્કાવાર અન્ય સેકટરોમાં પણ જુદી જુદી કક્ષાના સરકારી આવાસો બાંધવામાં આવ્યા હતા વર્ષ ૧૯૮૦-૮૧ માં પણ આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા જયારે વર્ષ ૧૯૯૧-૯૨ માં પણ નવા મકાનો બાંધવામાં આવ્યા હતા. આ દરમિયાન ટાવર કોલોની બાંધવાની અનિવાર્યતા તેમજ જોગવાઈ ન હોવાથી બે થી ત્રણ મજલાના જ મકાનો બાંધવામાં આવ્યા હતા. જેના લીધે સરકારી આવાસો ધરાવતા રહેણાંક વિસ્તારમાં પણ કોમન ચોક સહીતની સુવિધાઓ ઉપલબ્ધ થઈ હતી જયારે હાલની સ્થિતિએ નવા આવાસોના નિર્માણ અન્વયે સાત મજલાના મકાનો બાંધવામાં આવે છે. જેથી ઓછી જગ્યામાં વધુ મકાનો ઉભા કરવામાં આવે છે. અગાઉના જુના મકાનની સાપેક્ષમાં અન્ય સુવિધાઓ પણ વધારી દેવામાં આવી છે. કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસો પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે હાલ વરસાદી દિવસોના અંતે નગરના સરકારી આવાસોમાં છતમાંથી સતત ભેજ ઉતરતો હોવાની ફરિયાદો વધી ગઈ છે. જેના લીધે રહીશો ત્રાહીમામ છે. છતમાંથી પાણી ટપકવા સહીત આસપાસની દિવાલોમાં ભેજ આવતા રહીશોની તકલીફ વધી છે. છતમાંથી પણ ભેજ નિતરવાની સાથે ધાબાના લોખંડના સળિયા પણ દેખાય છે. જયારે છતમાંથી પોપડા પડવાની સમસ્યાને નિવારવા માટે તંત્ર દ્વારા નબળા પડી ગયેલા પ્લાસ્ટરના પોપડા ખેરવી નાંખવામાં આવે છે. જેથી અચાનક જ છતમાંથી પ્લાસ્ટર ઉખડીને પડે નહીં. બીજીતરફ જોખમી આવાસો તોડીને વધુ નવા આવાસો બાંધવાની કામગીરીમાં ઝડપ કરવી અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

### ફાળવણી બાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજના અન્વયે પણ કાંઈ થયુ નથી બીજીતરફ સેકટરોમાં રહેણાંક વિસ્તાર સહીત વન આરક્ષિત વિસ્તારમાં પણ ઝુંપડાના દબાણો વધતા જાય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વધતા ઝુંપડાના દબાણો દુર થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઝુંપડાવાસીઓને અનુલક્ષી હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### વધુ ૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૫ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ ૫ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી પુનઃ કેસો મળવાનુ શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ કુડાસણ અને બે કેસ સે. ૪માંથી તેમજ એક કેસ સે. ૨૦ માંથી મળી આવેલ છે.

શહેરમાં લોકલ ટ્રાન્સમિશનથી કેસો નોંધાયા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયુ છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.


સત્યમેવ જયતે ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૬ કરોડ જનસંખ્યાને ઓક્ટોબર-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઓક્ટોબર મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૧૦.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ચણા | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૩૦.૦૦ |
| ૭ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૮ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૯ | તહેવાર નિમિત્તે ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૧૦ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૧૧ | તહેવાર નિમિત્તે ખાદ્યતેલ (સીંગતેલ) | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ લીટર | ૧૦૦.૦૦ |
| ૧૨ | ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

રાજ્યના NFSA હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૬ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા.ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા.અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૫ ઓક્ટોબર થી કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

"અન્ન બ્રહ્મ યોજના"

રેશનકાર્ડ ન ધરાવતા, ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ,અત્યંત ગરીબ/અશક્ત, નિરાધાર વ્યક્તિ, પરપ્રાંતિય શ્રમિકો, હોસ્પિટલના બિછાને પડેલ જરૂરિયાતમંદ દર્દી અને અનાથ બાળકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાનાં હેતુસર "અન્ન બ્રહ્મ યોજના" હેઠળ વ્યક્તિદીઠ ૧૦ કિલો ઘઉં તથા ૫ કિલો ચોખા વિનામૂલ્યે મળવાપાત્ર છે

રેશનકાર્ડ સંબંધિત સેવાઓ અંગેની જાણકારી

નવું રેશનકાર્ડ મેળવવાની તેમજ તેમાં નામ કમી કરવું, નામ ઉમેરવું, એડ્રેસમાં સુધારો કરવો, કુટુંબના સભ્યોની વિગતોમાં સુધારો કરવો, કાર્ડ વિભાજન કરાવવું, ડુપ્લિકેટ રેશનકાર્ડ મેળવવા જેવી વિવિધ સેવાઓ માટેની અરજી digitalgujarat.gov.in પરથી ઘરે બેઠાં ઓનલાઈન કરી શકાય છે

MY RATION Mobile Application

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

કોઈપણ લાભાર્થી પોતાને મળવાપાત્ર અનાજના જથ્થાની વિગતો www.ipds.gov.in પરથી "તમને મળવાપાત્ર જથ્થા" પર click કરીને, રેશનકાર્ડ નંબર દાખલ કરીને જાણી શકે છે.

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના તેમજ ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકે છે

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય